**રે. દિ. દાવા નં. ૬૪/૧૩**

**આંક– ૬૨ નું સાંધાણ**

**<u>સોગંદઆપ્યા</u>**

**ઉલટ તપાસ – વાદી તરફે વિ.વ.શ્રી જે. જે. જાડેજા**

એ વાત ખરી છે કે, અમારી માલીકીના ઠામના રેવન્યું સર્વે નંબર ૮૩૭/ પૈકી ૧ છે. એવાત ખરી છે કે, વાદીઓએ ખરીદ કરેલ દાવાવાળા પ્લોટો વારી ખેતીની જમીનનાં રે.સર્વે નંબર ૮૩૬ છે. એ વાત ખરી છે કે, ૮૩૬ પૈકી ની એકર ૪.૦૦ ગુઠા તા. ૧૨/૬/૧૯૯૫ ના બીન ખેતી થયેલ છે. એ વાત ની મને ખબર નથી કે, સદરહું પ્લોટો પૈકી પ્લોટ નંબર ૫૧ થી ૫૬ વાળા પ્લોટો વાદીએ તા. ૧/૮/૦૯ વાળા દસ્તાવેજથી ખરીદ કરેલ છે. એ વાત ખરી છે કે, રે.સર્વે નંબર ૮૩૬ વાળી જમીન અને રે.સર્વે નંબર ૮૩૭/પૈકી ૧ વાળી જમીનની જે તે સમયે માપણીઓ થયેલ છે. એ વાત ખરી છે કે, બન્ને જમીનો નકશામાં પણ અલગ અલગ છે. એ વાત ખરી છે કે, અમોએ વાદીના દસ્તાવેજો રદ કરવા માટે કોઈ માગણી કરેલ નથી. વાદીએ રજુ કરેલ દાવો અને તે સાથેના આધારો મે જોયેલા નથી. વાદીએ ડી.આઈ.એલ.આર.ની માપણી રજુ કરેલ છે તે મે જોયેલ નથી. વાદીએ ૧૯/૧૦/૧૨ ના રે.સર્વે નંબર ૮૩૬/પૈકી ૧ વાળી જમીનની માપણી કરાવેલ છે તે મે જોયેલ નથી. એ વાત ખરી નથી કે, વાદીએ કોર્ટમાં કરેલ દાવાની બધી વિગતો મે વાચેલ છે. એ વાત ખરી છે કે, અમારી

---
સાહેદની સહી

માલીકીના રે.સર્વે નંબર ૮૩૭/પૈકી ૧ વાળી જમીન ની અમોએ સને ૨૦૧૩ માં માપણી કરાવેલ છે. એ વાત ખરી છે કે,સદરહું માપણી કરવા અમો પ્રતિવાદી નં. ૧ થી ૮ વાળાએ અરજી કરેલી. એ વાત ખરી નથી કે, અમોએ કરાવેલ માપણીમાં અમોએ શ્રીસરકારની જમીનમાં દબાણ કરેલ છે તેવું આવેલું. એ વાત ની મને ખબર નથી કે, અમોએ કરાવેલ માપણી ના ક્ષેત્રફળમાં અમારી માલીકીની જમીનના ક્ષેત્રફળ કરતા વધારે ક્ષેત્રફળ વાળું દબાણ આવેલ. એ વાત ખરી છે કે, અમોએ કરાવેલ માપણીમાં વાદીઓએ દબાણ કરેલ હોય તેવું આવેલ નથી. એ વાત ની મને ખબર નથી કે, અમોએ કરાવેલ માપણી ની નકલ અમોએ રજુ કરેલ નથી પરંતુ વાદીએ રજુ કરેલ છે. અમોએ તા. ૩૦/૬/૧૪ ના માપણી કરાવેલ છે કે કેમ ? તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, અમો વાદીની માલીકીના અને કબજાના પ્લોટમાં બાધકામ કરવા દેતા નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, એમની હદમાં બાંધકામ કરે તેમાં અમને વાંધો નથી. ડી.આઈ.એલ.આર.ની માપણી મુજબ હદ નિશાન લગાવી ને વાદી બાંધકામ કરે તેમાં મને વાંધો નથી. એ વાત ખરી નથી કે, વાદી પોતાની માલીકીના અને કબજાના પ્લોટમાં બાંધકામ કરે છ તેમ છતાં તમો વાદીને બાંધકામ કરવા આપતા નથી અને અટકાય અંતરાય કરો છો.

**સવાલ –::** તમોએ વાદીઓ સાથે મારા મારી કરેલી ?

**જવાબ –::** અમોએ કરેલ નથી પરંતુ સામાવાળાએ અમારા પર મારા મારી

કરેલી.

એ વાત ખરી છે કે, અમારા સામે પોલીસ ફરીયાદ થયેલી. એ વાત ખરી નથી કે, અમો મારા મારી કરેલી જેથી અમારી સામે પોલીસ ફરીયાદ થયેલી. એ વાત ખરી નથી કે, અમો વાદીઓને તેમની કાયદેસરની માલીકી અને કબજાના પ્લોટમાં બાંધકામ કરવા અને ઉપયોગ ઉપભોગ કરવા આપતા નથી તેથી અમારી કસુરે વાદીને દાવો દાખલ કરવો પડેલ છે. એ વાત ખરી નથી કે, અમારા પુરાવાના સોગદનામામાં ખોટી હકીકતો જણાવેલી છે.

ઉલટ તપાસ પુરી.

ફેર તપાસ નથી.

___________

સાહેદની સહી

સાહેદ તથા તેના વિ.વ.શ્રી ચાલુ જુબાનીએ સાહેદની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે અને તેમના વિ. વકીલશ્રીએ અને ઉલટ તપાસ કરનાર વિ. વકીલશ્રી એપ્રુવ કરેલી જુબાનીની પ્રીન્ટ કેસમાં મુકેલ છે. ના. ગુજરાત હાઈ કોર્ટ તરફથી આ અદાલતને તા. ૨૪/૦૭/૧૯ ના રોજ નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ, સુરત મારફત સુચના મળેલ છે કે દરેક સાહેદની જુબાનીઓમાં સાહેદની સહી લેવી. તેથી સાહેદે પોતે આપેલ જુબાની તેણે આપ્યા મુજબ નોંધાયેલ છે તે કબુલ રાખ્યા બદલ તેની સહી કરેલ છે.

પ્રિન્સીપાલ સીની. સીવીલ જજ
ભુજ - જી.જે.૦૦૮૧૪

મારી રુબરુ

તા. ૧૯ – ૧૨ –૨૦૨૨
ભુજ–કચ્છ.

પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
ભુજ–કચ્છ.

___________

સાહેદની સહી

સાહેદની સહી